**બાવળાના મહે. મુખ્ય સિવિલ જજ તથા જયુડીશીયલ મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.તા–બાવળા, જી.અમદાવાદ(ગ્રામ્ય)**

**ક્રિમીનલ કેસ.નં.૧૦૮૭/૨૦૨૬**

**ફરીયાદી :– સરકાશ્રી.**

**વિરૂધ્ધ**

**આરોપી :– ઢબુબેન વા/ઓ બાબુભાઈ નાગરભાઈ પગી,**

રહે. શિયાળ, પગીવાસ, તા.બાવળા,

જી.અમદાવાદ.

**<u>ગુનો:– પ્રોહીબીશન એકટની કલમ –૬૫(એ)(એ)</u>**

**– :: ઠ રા વ :: –**

ફરીયાદપક્ષના કેસની ટુંકમ હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવની તારીખે અને સમયે તથા સ્થળ પર ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારૂ વેચાણ કરવાના ઈરાદે મળી આવી પ્રોહીબીશન એકટનો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ હોય, આ અદાલતમાં ચાર્જશીટ રજુ થયેલ છે. જે સબંધે આરોપી સામે જે ચાર્જશીટ થયેલ તેના કાગળોની નકલ વિનામુલ્યે આપ્યા બાદ આરોપી સામે ઉપરોકત ગુના સબબનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને તે લગત આરોપીએ પોતાને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ ઉપરોક્ત હકિકતે ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલાની કબુલાત પુરશીસ રજુ કરેલ છે. જે સબંધે તેઓએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરેલ છે. આરોપીનો પ્રથમ ગુનો હોય અને બાળ–બચ્ચા વાળા માણસ હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ઘ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન.ભટ્ટ સાહેબનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમાં રાખી ઓછામાં ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જે ચુકાદો વંચાણે લેતાં તેમાં ઠરાવેલ છે કે, BOMBAY PROHIBITION ACT, 1949 – S. 66(1)(b), 85(1) CODE OF CRIMINAL PROCEDURE, 1973 – S. 240, 241, 251, 228(2), 240(2), 252, 253, 235(2), criminal offence – plea of guilty – prayer for mercy by prescribing specimen pro forma for pleading guilty and for mercy in sentence – quantum of sentence – provisions for awarding minimum sentence – discretionary powers of court in

this regard – the core issue as to whether Trial Court on being satisfied or in presence of special and adequate reasons peculiar to the accused, to be mentioned in writing, in the judgment of the court, in finding accused guilty, "for a first offence" either by evidence or "by raising the plea of guilty" is competent to impose for such "first offence".

જેથી આરોપીનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોય આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખતાં તેમજ આરોપીએ અદાલત રુબરુ મૌખિક રીતે ફરીથી આ પ્રકારે કોઈ જ ગુનો નહી કરવાની ખાત્રી આપેલ હોય આરોપી કુટુંબ–કબીલા વાળા માણસ હોય વધુ આકરો દંડ કે જેલની સજા કરવામાં આવે તો આરોપી ઉપર તેના કુટુંબના ભરણ પોષણનો આધાર રહેલ હોય આરોપી જેલમાં જાય તો તેના પરીવારને ભુખે મરવાનો વારો આવે તેવા પણ સંજોગો ઉભા થાય તેમ હોય આરોપીને જેલમાં મોકલવાનું ઉચિત જણાતુ નથી, સાથો સાથે જો આરોપીને વધુ દંડ કરવામાં આવે તો તેના પરીવારના સભ્યો પાછળ જે રકમ આરોપી ખર્ચી શકે તેમ છે તે રકમ દંડ પેટે સરકારમાં ચુકવવાથી પણ આરોપીના પરીવારના સભ્યોને સહન કરવુ પડે તેમ જણાતુ હોઈ વધુ દંડ કરવો પણ ઉચિત જણાતુ નથી. જેથી ઉપર દર્શાવેલ સમગ્ર કારણો ધ્યાને લેતાં આ અદાલતને નામદાર શ્રી જે.એન.ભટ્ટ સાહેબના ચુકાદાથી મળેલ સત્તાનો ઉપયોગ કરી વધુ પડતા ટેકનીકલ નહી થતાં આરોપીને સમાજમાં રહી સુધવાની તક આપવી ન્યાયી જણાતુ હોઈ તેમજ તેના પરીવાર માટે પણ આ પ્રકારે હળવાશથી હુકમ કરવાથી ન્યાયનું હિત જળવાશે તેમ જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરુ છું.

**– :: આખરી હુકમ :: –**

આ કામના આરોપી **ઢબુબેન વા/ઓ બાબુભાઈ નાગરભાઈ પગીનાઓને** બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ અન્વયે **પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ)** મુજબના ગુનાના ભંગ બદલ **રૂ.૫૦૦/– (અંકે રૂપીયા પંચસો પુરા)** દંડ તથા કોર્ટ ઉઠતા સુધીના સમય સુધીની સજા કરવામાં આવે છે. આરોપીની ઉંમર જોતાં તેમજ પ્રથમ ગુનો હોઈ તેમજ તેમના ઉપરની પરીવારની જવાબદારી ધ્યાને રાખતાં સાથો સાથ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમાં રાખતા ઉપરોકત કારણોને

આધીન કેદની સજા કરવામાં આવતી નથી. જો આરોપી દંડ ના ભરે તો દિન-૩ (ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ, આજ રોજ તારીખ ૧૧ મી, માહે–જુલાઇ , સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

બાવળા
તા ૧૧/૦૭/૨૦૨૬

**( વિશુ શક્તિદિપસિંહ ઝાલા )**
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુ.મેજી.ફ.ક.બાવળા.
UIC No.GJ-01669